પ.ક્ર:પીઆઇએમ/૨૦૧૦/આઇબી-૫૧(૧)-ક.૧

ગુજરાત સરકાર

ન.જ.સં.પા.પુ.અને ક. વિભાગ,

ખાસ ફરજ પરના અધિ.(જ.સં)

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: ૬-૮-૨૦૧૦

પ્રતિ

- અધિક્ષક ઇજનેરશ્રી સંબંધિત સર્વે

વિષય:- સહભાગી સિંચાઇ વ્યવસ્થા અંતર્ગત પિયત સહકારી મંડળીઓની કાર્યક્ષમતા તેમજ મૂલ્યાંકન બાબત.

જળસંપત્તિ વિભાગ હેઠળની સિંચાઇ યોજનાઓના કમાન્ડ વિસ્તારમાં સ્વર્ણિમ સિદ્ધિઓ અંતર્ગત સહભાગી સિંચાઇ વ્યવસ્થા હેઠળ પિયત સહકારી મંડળીઓની રચના થયેલ છે. આ મંડળીઓની કામગીરીનું મૂલ્યાંકન કરી શ્રેષ્ઠ કામગીરી બજાવતી પિયત સહકારી મંડળીઓને પ્રોત્સાહિત કરવાની બાબત વિચારણા હેઠળ છે તેમજ આ મંડળીઓની કાર્યક્ષમતા ચકાસવાના માપદંડો આ સાથે સામેલ રાખેલ છે. તે મુજબ વિભાગ હેઠળની યોજનાઓમાં કાર્યરત સહભાગી સિંચાઇ વ્યવસ્થા અંતર્ગત કામ કરતી તમામ મંડળીઓનું મૂલ્યાંકન નિયામકશ્રી, વાલ્મીના અધ્યક્ષસ્થાપણા હેઠળની સમિતિ દ્વારા કરવામાં આવશે. આથી આપના કાર્યક્ષેત્ર હેઠળ કાર્યરત તમામ મંડળીઓની કામગીરી આ સાથે સામેલ રાખેલ માપદંડો મુજબ ચકાસવા માટે કાર્યવાહી કરવી તથા વિભાગના સર્વે વર્તુળોમાં સહભાગી સિંચાઇ હેઠળ કાર્યરત પિયત સહકારી મંડળીઓ દ્વારા થતી કામગીરીની ચકાસણી અને મૂલ્યાંકન કરવા બાબતના મુદ્દાઓ બાબતે સ્થળ પર

માર્ગદર્શન પૂરુ પાડવા માટે વાલ્મી હેઠળના નીચે મુજબના અધિકારીશ્રીઓએ કામગીરી કરવાની રહેશે જેનો અહેવાલ નિયામકશ્રી, વાલ્મીને રજૂ કરવાનો રહેશે.

(૧) શ્રી કે. પી. પટેલ, અધિક્ષક ઇજનેરશ્રીએ ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતમાં આવેલ રાજ્ય તથા પંચાયત હસ્તકની યોજનાઓની પિયત સહકારી મંડળીઓ.

(૨) શ્રી ડી.કે.પટેલ, અધિક્ષક ઇજનેરશ્રીએ સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાત વિસ્તારમાં આવેલ રાજ્ય તથા પંચાયત હસ્તકની યોજનાઓમાં કાર્યરત મંડળીઓ.

ઉપર્યુક્ત બંને અધિકારીશ્રીઓને સ્થળ ચકાસણી વખતે કરવાના થતા પ્રવાસો માટે હાલમાં જળસંપત્તિ વિભાગ હેઠળના પુલમાંથી ઇન્ડેન્ટીંગ ઓફિસર તરીકે વાહનની સગવડ પૂરી પાડવામાં આવશે.

બીડાણઃ માપદંડની વિગત

(ઈ-મેઇલ દ્વારા)

( બી. એસ. પટેલ )

ખાસ ફરજ પરના અધિકારી(જ.સં.)

નકલ સાદર રવાના પ્રતિઃ

- સચિવશ્રી(જ.સં.),ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવશ્રી(જ.સં.), ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઇજનેર અને અધિક સચિવશ્રી,ન.જ.સં.પા.પુ.અને ક.વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી, વાલ્મી,આણંદ,
- શ્રી કે. પી. પટેલ, અધિક્ષક ઇજનેરશ્રી, વાલ્મી, ગાંધીનગર યોગ્ય કાર્યવાહી સારુ.
- શ્રી ડી.કે.પટેલ, અધિક્ષક ઇજનેરશ્રી, વાલ્મી ગાંધીનગર યોગ્ય કાર્યવાહી સારુ.
- અધિક્ષક ઇજનેરશ્રી, સિંચાઇ યાંત્રિક વર્તુળ નં.૨, અમદાવાદ તરફ ઉપર્યુકત બંને અધિકારીઓને ઇન્ડેન્ટીંગ ઓફિસર તરીકે વાહન પૂરુ પાડવા યોગ્ય કાર્યવાહી સારુ.